# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-02-2026** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

1. કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે "ભારત ટૅક્સી"ના સારથિઓ સાથે સંવાદ કરતાં કહ્યું "ભારત ટૅક્સી" વિશ્વની સૌથી પારદર્શક ટૅક્સી સેવા બનશે.
2. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરથી સુજલામ્ સુફલામ્ જળ અભિયાનના બીજા તબક્કાનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો.
3. મુખ્યમંત્રીએ રાષ્ટ્રગીત "વંદે માતરમ્" એ વિકસિત ભારત – આત્મનિર્ભર ભારત માટે નવું પ્રેરણાબળ બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો.
4. રાજકોટના જંગલેશ્વર વિસ્તારમાં 87 હજાર ચોરસ મીટર વિસ્તારમાં ગેરકાયદે દબાણ હટાવવાની કામગીરી શરૂ
5. આગામી 24 કલાકમાં સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત અને તાપીમાં હળવા વરસાદની આગાહી.

------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

## REV SHAH BHARAT TAXI

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે નવી દિલ્હીમાં ગુજરાત સહિત દેશના વિવિધ “ભારત ટૅક્સી”ના સારથિઓ સાથે સંવાદ કર્યો. આજે જાહેર કરાયેલા એક વીડિયોમાં શ્રી શાહે કહ્યું, “ભારત ટૅક્સી” સહકારી સમિતિનો ઉદ્દેશ ચાલકોને તેમના કામની માલિકી આપીને તેમને સશસ્ત બનાવવાનો છે. તેમણે કહ્યું, આ પહેલનો હેતુ ખાનગી ટૅક્સી સેવા કંપનીઓ સાથે સંકળાયેલી સમસ્યાને ઘટાડવા અને ટૅક્સી-ચાલકોને લાભ પહોંચાડવાનો છે.

**(BYTE: AMIT SHAH, HOME MINISTER) – BHARAT TAXI**

શ્રી શાહે કહ્યું, આ પહેલ ચાલકોના વિકાસ અને પ્રવાસીઓની સુરક્ષા માટે એક મંચ બની રહી છે. “ભારત ટૅક્સી” માં બધુ જ પારદર્શક રહેશે સાથે જ સહકાર ટૅક્સી સેવા “ભારત ટૅક્સી” વિશ્વની સૌથી પારદર્શક ટૅક્સી સેવા બનશે તેવો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો.

“ભારત ટૅક્સી”ની વિશેષ સારથિ દીદી પહેલ પર પ્રકાશ પાડતા શ્રી શાહે કહ્યું, આ સુવિધાથી મહિલાઓ પોતાની યાત્રા માટે મહિલા ચાલકોની પસંદગી કરી શકશે.

**(BYTE: AMIT SHAH, HOME MINISTER) – SARTHI DIDI**

----------

## CM SUJLAM SUFLAM PRARAMBH

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સુજલામ્ સુફલામ્ જળઅભિયાન- જળસંચય જનભાગીદારીના બીજા તબક્કાનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો.

ગાંધીનગરના ભાટ ગામથી શરૂ થયેલું આ અભિયાન આગામી 31 મે સુધી ચાલશે. દરમિયાન જળસંગ્રહ અને સંચય ક્ષમતા વધારવા રાજ્યમાં તાલુકાદીઠ 10 તળાવ ઉંડા કરાશે.

આ અભિયાન અંતર્ગત હયાત તળાવ ઊંડા કરવા, ચેકડેમમાંથી કાંપ દૂર કરવા, નહેર તથા કાંસના સમારકામ, સફાઈ અને જાળવણી, વરસાદી પાણીના સંગ્રહના કામ રાજ્ય સરકારના 6 જેટલા વિભાગ દ્વારા લોક ભાગીદારીથી કરાશે.

આ અભિયાનથી ગત આઠ વર્ષમાં એક લાખ 22 હજારથી વધુ કામ દ્વારા જળસંગ્રહ ક્ષમતામાં એક લાખ 39 હજાર લાખ ઘન ફૂટ વધારો થયો તેમજ 210 લાખ માનવદિવસ રોજગારીનું સર્જન થયું છે, તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

----------

## CM ON VANDE MATARAM

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાષ્ટ્રગીત “વંદે માતરમ્” વિકસિત ભારત – આત્મનિર્ભર ભારત માટે નવું પ્રેરણાબળ બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો. ગુજરાત વિધાનસભા ગૃહમાં વંદે માતરમ્-ના દોઢ-સો વર્ષની ઉજવણીના ગૌરવ અવસરને વધાવતો સંકલ્પ રજૂ કરતા શ્રી પટેલે કહ્યું, વંદે માતરમ્- ગીતની દરેક પંક્તિમાં ભારત માતાનું અર્થપૂર્ણ ભક્તિગાન છે. આ ઉજવણીથી દેશના મહાન નાયકોનું પુણ્ય સ્મરણ અને ભારત માતાની વંદના કરવાનો આપણને પુનઃઅવસર મળ્યો હોવાનું પણ તેમણે ઉંમેર્યું.

----------

## SANGHAVI ON VANDE MATARAM

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ વિધાનસભા ગૃહમાં વંદે માતરમ્-ની દોઢસોમી વર્ષગાંઠની ઉજવણી અંગેના સરકારી સંકલ્પ પર ચર્ચામાં ભાગ લીધો. તેમણે રાષ્ટ્રગીત વંદે માતરમ્-ને રાષ્ટ્રભક્તિનો મહામંત્ર ગણાવતા કહ્યું, ગુજરાતનાં દિકરી મેડમ ભિખાઈજી કામાએ વિદેશની ધરતી પર 'વંદે માતરમ્' લખેલા ધ્વજ સાથે ભારતની શક્તિનો પરિચય કરાવ્યો હતો.

શ્રી સંઘવીએ કચ્છના ભુજોડીમાં બનેલું 'વંદે માતરમ્ સ્મારક' આજે પણ આઝાદીના ઇતિહાસને જીવંત રાખી રહ્યું હોવાનું પોતાના સંબોધનમાં ઉમેર્યું. સાથે જ તેમણે આ ઉજવણીને ગુમનામ શહીદો અને દેશના નાયકો પ્રત્યેની સાચી શ્રદ્ધાંજલિ ગણાવી હતી.

----------

## PANSHERIYA ON PMJAY

રાજ્યમાં ગત બે વર્ષમાં 57 લાખથી વધુ નવા PMJAY કાર્ડ મંજૂર કરાયા તેમજ 27 લાખ 55 હજાર દાવા પેટે કુલ સાત હજાર 235 કરોડ રૂપિયાથી વધુની રકમ ચૂકવવામાં આવી છે. પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના – મુખ્યમંત્રી અમૃતમ્ યોજના અંતર્ગત ગુજરાત વિધાનસભા ગૃહમાં આરોગ્ય મંત્રી પ્રફૂલ પાનશેરિયાએ આ માહિતી આપી. તેમણે કહ્યું, રાજ્યમાં હાલ બે કરોડ 73 લાખ આયુષ્માન કાર્ડ સક્રિય છે.

શ્રી પાનશેરિયાએ સ્પષ્ટ જણાવ્યું કે, આ યોજનાના નિયમ કે માનક કાર્યપદ્ધતિ - SOPનું ઉલ્લંઘન કરનારી હૉસ્પિટલ્સ સામે કડક કાર્યવાહી કરાય છે. ગત બે વર્ષમાં આવી 49 હૉસ્પિટલને સસ્પેન્ડ કરવામાં આવી છે. જામનગરની JCC હૉસ્પિટલના કિસ્સામાં આઠ લાખ 69 હજાર રૂપિયાનો દંડ વસૂલવા સિવાય જવાબદાર તબીબને યોજનામાંથી સસ્પેન્ડ કરી તબીબી પરિષદને જાણ કરવામાં આવી હોવાનું પણ તેમણે ઉંમેર્યું.

----------

## SANGHAVI ON RAJKOT DEMOLITION

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, રાજકોટ પોલીસે જંગલેશ્વર વિસ્તારમાંથી મોટા પાયે ગેરકાયદે દબાણ હટાવવાનું કામ શરૂ કર્યું છે. આ વિસ્તારમાંથી ચોરી-લૂંટના 72 આરોપી પકડાયા છે. તેમજ કેફી પદાર્થનું વેચાણ કરતા આરોપીઓની પણ ધરપકડ કરવામાં આવી છે. અનેક લોકોએ આ સરકારી જમીન પર કરેલા દબાણને હટાવવાની પહેલા તબક્કાની કામગીરી આજથી શરૂ કરવામાં આવી છે.

**(BYTE: HARSH SANGHAVI, DyCM)**

જંગલેશ્વર વિસ્તારમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે 87 હજાર ચોરસ મીટર વિસ્તારમાંથી ગેરકાયદે દબાણ હટાવવાની કામગીરી શરૂ કરવામાં આવી હોવાનું DCP હેતલ પટેલે વધુ માહિતી આપી.

**(BYTE: HETAL PATEL, DCP)**

----------

## BHAVNGAR DRUGS SEIZED

ભાવનગરમાં શિહોર પોલીસે 10 કરોડ રૂપિયાથી વધુનો કેફી પદાર્થ સાથે બે લોકોની ધરપકડ કરી છે. પોલીસે શિહોર તાલુકાના સખવદર અને સર ગામમાં દરોડા પાડી 10 કરોડ 92 લાખ રૂપિયાથી વધુનો માલસામાન પણ કબજે કર્યો છે. આ અંગે ભાવનગર જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેએ વધુ માહિતી આપી.

**(BYTE – NITESH PANDAY, SP)**

----------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# GUJARAT RAILWAY BUDGET

કેન્દ્રીય અંદાજપત્રમાં ગુજરાત રેલવે માટે કરાયેલી 17 હજાર 366 કરોડ રૂપિયાની ફાળવણીથી રાજ્યમાં કનેક્ટિવિટી અને સુરક્ષાનું વિસ્તરણ કરાશે. તેનાથી રાજ્યમાં આધુનિક, સલામત અને યાત્રીઓ કેન્દ્રીત રેલવે નૅટવર્કના વિકાસને નોંધપાત્ર ગતિ મળી હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

ડેડિકેટેડ ફ્રેટ કોરિડોર હેઠળ પશ્ચિમ ફ્રેટ કોરિડોર હાલ દિલ્હી, હરિયાણા, રાજસ્થાન, ગુજરાત અને પંજાબને જોડે છે. સુરતમાં પૂર્વ અને પશ્ચિમ ફ્રેટ કોરિડોરને જોડવામાં આવશે અને ત્યાં એક મહત્વનું જંકશન વિકસાવાશે. આ કૉરિડોર રાજ્યના પશ્ચિમ કિનારે આવેલા બંદરોને દેશના વિવિધ રાજ્ય સાથે જોડશે. તેના માધ્યમથી મધ્યપ્રદેશ, છત્તીસગઢ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, હરિયાણા અને ઉત્તરપ્રદેશને પણ વધુ સારી કનેક્ટિવિટી મળશે.

----------

# GIR SOMNATH KHATMUHURT

સાંસદ રાજેશ ચુડાસમાએ ગીરસોમનાથમાં ભીડિયા બાણગંગા ખાતે અટલ બગીચાનું લોકાર્પણ અને વેરાવળ ખાતે આશ્રયઘરનું ખાતમુહૂર્ત કર્યું. હૂડકો સોસાયટી ખાતે અંદાજે બે કરોડ રૂપિયાથી વધુના ખર્ચે આ ઘર તૈયાર કરાશે. આ પ્રસંગે શ્રી ચુડાસમાએ કહ્યું, સોમનાથની સાથે-સાથે વેરાવળનો પણ વિકાસ થાય તે દિશામાં નગરપાલિકા કામ કરી રહી છે.

----------

## EC ROUND TABLE CONF.

નવી દિલ્હીમાં કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા રાષ્ટ્રીય ગોળમેજી પરિષદ યોજાશે. વર્ષ 1999 પછી યોજાનારી આ પરિષદમાં ગુજરાત સહિત 36 રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશના મુખ્ય ચૂંટણી અધિકારીઓ ઉપસ્થિત રહેશે. તેમાં ચૂંટણી પ્રક્રિયાઓમાં ટૅક્નોલૉજીના ઉપયોગ અને સહકારી સંઘવાદને મજબૂત કરવા પર ભાર અપાશે.

----------

## EVE WEATHER FORECAST

સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત અને તાપી જિલ્લામાં છૂટાછવાયા સ્થળ પર આગામી 24 કલાકમાં હળવા વરસાદની શક્યતા છે. સાથે રાજ્યમાં આવતીકાલથી એક સાથે બે ઋતુની અસર વર્તાય તેવી સંભાવના હોવાનું હવામાન વિભાગના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું.

દરમિયાન રાજ્યમાં ગત 24 કલાકમાં સૌથી ઓછું 15 ડિગ્રી સેલ્સિયસ તાપમાન કચ્છના નલિયામાં નોંધાયું છે. જ્યારે કંડલા વિમાનમથક, પોરબંદર, કેશોદ અને ડીસામાં 17, તો અમદાવાદ, દ્વારકા, ઓખા, દમણ અને સુરતમાં તાપમાન 20 ડિગ્રી સેલ્સિયસ રહ્યું છે.

----------

## RAILWAY

ભારતીય રેલવે દ્વારા આ બુધવારે અમદાવાદ-ગોરખપુર એક્સપ્રેસના માર્ગમાં ફેરફાર કરાયો છે. ઉત્તર રેલવેના લખનૌ મંડળમાં કેટલીક કામગીરીના કારણે આ ટ્રેનને વાયા પ્રયાગરાજ છિવકી, પ્રયાગરાજ જંકશન, બનારસ-વારાણસી સીટીના માર્ગથી સંચાલિત કરાશે.

----------

# MSN BAHUCHARAJI MANDIR

**મહેસાણાના સુપ્રસિદ્ધ યાત્રાધામ બહુચરાજી મંદિરમાં ફાગણ સુદ પૂનમના દિવસે ચંદ્રગ્રહણના કારણે મંદિરના દર્શન અને આરતીના સમયમાં ફેરફાર કરાયો છે. ત્રીજી માર્ચે સવારે પાંચ વાગ્યે મંદિરના દ્વાર ખૂલશે. ત્યારબાદ સવારે પોણા 12 વાગ્યે માતાજીની પાલખી નીજ મંદિરથી પ્રસ્થાન કરશે અને નગર પરિભ્રમણ કરી એક વાગ્યે મંદિરે પરત આવશે. પછી મંદિર દર્શન માટે બંધ રહેશે.**

**બપોરે ત્રણ વાગ્યેને 20 મિનિટે ચંદ્રગ્રહણનો સ્પર્શ થશે અને સાંજે છ વાગ્યેને 47 મિનિટે ગ્રહણ મોક્ષ થશે. જ્યારે ચાર માર્ચથી મંદિર નિયત સમય મુજબ ભક્તો માટે ખૂલ્લું રહેશે, તેમ બહુચરાજી માતાજી મંદિર ટ્રસ્ટની યાદીમાં જણાવાયું છે.**

. . . . . . . . . . . . .